ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**અશ્વિન કે વ્યાસ (કૂકર)**
પત્રકાર, અકિલા
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯



**હેમાંગભાઈ કે દોશી**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા

## સૅ. ૨ બી, શ્રદ્ધા સોસાયટી ખાતે નવરાત્રીનો આરંભ

ગાંધીનગર, તા. ૧૩
શ્રદ્ધા સોસાયટી, સૅક્ટર-૨ બી ખાતે બાળકો દ્વારા ગબ્બર બનાવવામાં આવ્યો છે, જે સ્થાનિક કક્ષો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

સ્થાનિક રહીશો નીતિનભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, દિપકભાઈ પટેલ, જગદીશભાઈ સથવારા, અરવિંદભાઈ પટેલ દ્વારા સ્થાનિક રહીશો, વેપારીઓના સહકારથી નવરાત્રી પર્વની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ખેલૈયા બાળકોને દરરોજ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે.

સોસાયટીના તમામ બાળકો, ભાઈઓ, બહેનો સાથે મળીને રાસ-ગરબાની રમઝટ બોલાવશે. નિયમિત ગરબા શરૂ કરાશે અને બાર વાગ્યે બંધ પણ કરી દેવામાં આવશે એમ આ અંગેની અખબારી યાદીમાં જિતેન્દ્ર પુરોહિત દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સૅક્ટર-૧૭ શૉપીંગ સૅન્ટર ખાતે નવરાત્રી પર્વની ઉજવણીનો આરંભ

ગાંધીનગર, તા. ૧૩
નવરાત્રી પર્વની ઉજવણીનો આરંભ સૅક્ટર-૧૭ના શૉપીંગ સૅન્ટર ખાતે અનન્ય ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવ્યો છે.

પ્રતિવર્ષ શૉપીંગ સૅન્ટર પાસેના મેદાનમાં નવરાત્રી મહોત્સવનું આયોજન ભાવપૂર્વક કરવામાં આવે છે. એ જ ક્રમમાં આ વખતે પણ મહોત્સવની ઉજવણીનું આયોજન વસાહતીઓ અને વેપારીઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

આ માટે નવરાત્રી મહોત્સવ સમિતિ, સૅક્ટર-૧૭ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે રજુજી બી ગોલ, ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, કનુભાઈ એસ રાવલ, સમીરભાઈ પંડિત, ભરતભાઈ ગોસ્વામી, દિપકભાઈ પરમાર, યુવરાજસિંહ ઉદાવત, મંત્રી રમેશભાઈ એસ વાળંદ, મહામંત્રી જિતેન્દ્ર કે તિવારી, ખજાનચી જીગરભાઈ બી ત્રિવેદી, સહમંત્રી પ્રદિપભાઈ જે પટેલ, આકાશ જી નાયક, જસપાલસિંહ રાઠોડ, સુનીલભાઈ દેસાઈ, સંગઠનમંત્રી તરીકે રમેશભાઈ એમ પરમાર, અશોકભાઈ ડી શર્મા, રાજુભાઈ વાસણવાળા, શાંતિલાલ દેસાઈ, ગિરીશભાઈ શાહ, સલાહકાર તરીકે ડૉ. ઠેકડી, મુકુંદભાઈ સુખડિયા, પોખરાજ મિસ્ત્રી, જયંતિભાઈ પટેલ, રતિલાલ શાહ, દેવચંદભાઈ વેલ્ડીંગવાળા, પ્રફુલભાઈ શર્મા, કિર્તીભાઈ ઠક્કર, યોગેશભાઈ એમ એરણપુરીયા, ચંદ્રેશભાઈ રજવાણીયા, કારોબારી સભ્ય કુલદીપસિંહ કે વાઘેલા, જીગર દેસાઈ, ભાવિન બી મકવામા, જીતેન્દ્રભાઈ સી રજવાણીયા, વનરાજસિંહ સોલંકી અને વ્યવસ્થાપક સમિતિમાં ચંદ્રેશસિંહ રાઠોડ, મિતેશ ડી શ્રીમાળી અને વિપુલ અઆર પરમારની વરણી કરવામાં આવી છે.

મહોત્સવ દરમ્યાન પ્રથમ નોરતે બળદેવ સોલંકી (બાલુ)ના શ્રી ગણેશ કલાવૃંદ દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. બીજે નોરતે તા. ૧૪ના રોજ કિર્તી ઠાકોર-નાગેશ્વરી કલાવૃંદ, તા. ૧૫ના રોજ મહેશ ઠાકોર અને નગીના-જય અંબે મ્યુઝીકલ ગૃપ, તા. ૧૬ના રોજ રાજ સોલંકી-શ્રી ગણપતિ કલાવૃંદ, તા. ૧૭ના રોજ રણવીરસિંહ વાઘેલા, કોમલ પારેખ-કેશર કલાવૃંદ, તા. ૧૮ના રોજ લોકેશ પ્રજાપતિ-જય બાબરી મ્યુઝીકલ ગૃપ, તા. ૧૯ના રોજ સુરેશ ઠાકોર, સુરેખા બારોટ-જય પટેલ એન્ડ ગૃપ, તા. ૨૦ના રોજ વિજયસિંહ વાઘેલા, અજિતસિંહ ઠાકોર-જય માતાજી મ્યુઝીકલ પાર્ટી અને તા. ૨૧ના રોજ દિનેશ ઠાકોર-વિશાલ મ્યુઝીકલ ગૃપ દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે.

# ભૂલકાઓ પોલીસ મથકમાં



પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલનાં ભૂલકાઓએ મંગળવારે સૅક્ટર-૬માં કાર્યરત સૅક્ટર-૭ પોલીસ સ્ટેશનની મુલાકાત માણી હતી. પોલીસની વર્દીથી પ્રભાવિત થયેલાં આ બાળકોએ જરાય ગભરાયા વિના પોલીસ સ્ટાફ સાથે વાતો કરી હતી અને જાતજાતના સવાલોનો મારો ચલાવ્યો હતો. અને સામાન્ય રીતે પ્રશ્નો પૂછવા માટે ટેવાયેલા પોલીસ કર્મચારીઓએ પણ ખુશી ખુશી નાનાં બાળકોને જવાબો આપ્યા હતા. એમને સમજાય એવી ભાષામાં પોલીસ મથકની કામગીરી અંગેની માહિતી બાળકોને આપવામાં આવી હતી. છેલ્લે બાળકોએ પોતાની યાદગીરી માટે પોલીસ અંકલ સાથે ફોટો પણ પડાવ્યો. સૅકન્ડ પીઆઈ કે ઍમ પ્રિયદર્શીએ સવાલ-જવાબની જેમ અહીં પણ બાળકોને હસતા ચહેરે સાથ આપ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
૩ડી ધ વૉક (હિન્દી)
૯.૦૦, ૧૧.૪૫,
૫.૧૫, ૧૦.૪૫
તલવાર
૨.૩૦, ૮.૦૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૦૦, ૧.૦૦,
૪.૦૦, ૧૦.૧૦
રૂદ્રમા દેવી (તેલુગુ)
૭.૦૦

**સ્ક્રીન-૩**
સિંઘ ઈઝ બ્લિંગ
૧.૦૫, ૭.૧૦
બાંકે કી ક્રેઝી બારાત
૪.૧૦

**સ્ક્રીન-૪**
જઝ્બા
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
૭.૧૫, ૧૦.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
જઝ્બા
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૧૫
તલવાર
૭.૧૫

**સ્ક્રીન-૩**
ધ વૉક (હિન્દી, ૩ડી)
૧૨.૩૦, ૧૦.૧૫
ધ વૉક (અંગ્રેજી, ૩ડી)
૩.૦૦, ૭.૪૫
ધ માર્શીયન (અંગ્રેજી, ૩ડી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
તલવાર
૧૦.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૪.૦૦, ૭.૧૫
રુદ્રમા દેવી
૧.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
જઝ્બા
૧૦.૦૦
તલવાર
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
સિંઘ ઈઝ બ્લિંગ
૬.૪૫

# ગાંધીનગર ની બીબીએ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'ઈન્ટર્નશીપ પ્લેસમેંટ'





ગાંધીનગર, તા. ૧૩
કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન કેમ્પસ ખાતે બજાજ ફિનસર્વ લિ. કંપની દ્વારા તૃતીય વર્ષ બીબીઍનાં વિદ્યાથીઓ માટે "ઈન્ટર્નશીપ પ્લેસમેંટ" નું આયોજન ખૂબ સુંદર રીતે થયુ. આ "ઈન્ટર્નશીપ પ્લેસમેંટ" માટે તૃતીય વર્ષ બીબીઍ નાં ૬૫ વિદ્યાથીઓ હાજર રહ્યા હતા. જેમાં સૌ પ્રથમ વિદ્યાથીઓ ને કૉલેજનાં વર્ગખંડમાં કંપની તરફથી ઉપસ્થિત સિનિયર હેડ તેમજ મેનેજરશ્રીઓ દ્વારા પ્રેજન્ટેશન આપવામાં આવ્યુ જેમા વિદ્યાથીઓને કંપની વિષેની સંપૂર્ણ માહિતી આપી તદઉપરાંત ૩૦ દિવસની ઈન્ટર્નશીપ દરમ્યાન વિદ્યાર્થીઓએ હાથ ધરવામાં આવનાર કાર્યો વિષેની જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ ઈન્ટર્વ્યૂ યોજવામાં આવ્યો.

અને ૩૬ વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ ટ્રેનિંગ માટે પસંદગી થયી. આ ૩૦ દિવસ નો ટ્રેનિંગ પ્રોગ્રામ તા ૧૩/૧૦/૨૦૧૫ થી અમલમાં આવશે તેમજ તમામ વિદ્યાર્થીઓને અમદાવાદ તેમજ ગાંધીનગર સ્થિત રિલાઈયન્સ, વિજય સેલ્સ, ક્રોમા, સેલ્સ ઈંડિયા જેવા નામાંકિત સ્ટોર્સ પર "ઈન સ્ટોર" ટ્રેનિંગ આપવા માં આવશે. જ્યાં વિદ્યાર્થીઓ બપોરના ૧૨.૩૦ વાગ્યા થી સાંજના ૭.૩૦ વાગ્યા સુધી પ્રેક્ટિકલ તાલીમ લેશે જેના માટે કંપની તરફથી વિદ્યાથીઓ ને અભ્યાસ સાથે ૬૭૫૦/-રૂ.ના સ્ટાઈપેન્ડની ઑફર મળેલ છે. કંપનીના ઍરિયા સેલ્સ મેનેજર હરી ગુપ્તાના જણાવ્યા અનુસાર આ કૉલેજ નાં વિદ્યાથીઓ ખુબજ તાલીમ બદ્ધ છે. આસિસ્ટન્ટ મેનેજર કેતનનાં જણાવ્યા અનુસાર જો આ વિદ્યાથીઓ ઈન્ટર્નશીપ દરમ્યાન સારું પરફોર્મન્સ રહેશે તો તેઓ ને પણ ૧૮૦૦૦/-થી ૨૨૦૦૦/-ના માસિક પગાર સાથે કાયમી નિમણૂક કરવામાં આવશે.

આ ઈન્ટર્નશીપ ડ્રાઈવને સફળ બનાવવા બજાજ ફિનસર્વનાં શ્રી હરી ગુપ્તા, શ્રી કેતન, શ્રી આકાશ સિસોદીયા અને શ્રી સંકેત ગલગટે દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ ાપવામાં આવી હતી.

કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્ર ટીમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

# સૅક્ટર-૨૨ ગબ્બર ચૉક ખાતે સતત ૨૭મા વર્ષે નવરાત્રીની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩
સૉક્ટર-૨૨ ખાતે ગબ્બર ચોકમાં સતત ૨૭મા વર્ષે નવરાત્રી પર્વનો આરંભ કરવામાં આવ્યો છે.

સૅક્ટર-૨૨ના મુખ્ય શોપીંગ સૅન્ટરની સામેના મેદાન-ગબ્બર ચોક ખાતે છેલ્લાં ૨૬ વર્ષથી વેપારીઓ તેમજ વસાહતીઓ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ એવા જ અનન્ય ઉત્સાહ સાથે નવરાત્રી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેર અને જિલ્લાના ભાવિક ભક્તજનો અહીં દર્શનનો લાભ લેશે. આ નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

જેના પ્રમુખ તરીકે કાલિદાસ વી પટેલ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ ચૌધરી, દશરથભાઈ પટેલ, પુભાનભાઈ દેસાઈ, દિલીપસિંહ વાઘેલા, સહમંત્રી તરીકે રાકેશભાઈ પટેલ, જિજ્ઞેશ પટેલ, હિમાંશુ પટેલ, રાજેશભાઈ પટેલ, અશ્વિનભાઈ વ્યાસ (કૂકર), ખજાનચી મુકેશભાઈ પટેલ તથા હિંમતભાઈ શેલડિયાની તેમજ સલાહકાર તરીકે પશાભાઈ પટેલ, ભરતભાઈ જોષી, પ્રકાશભાઈ સુખડિયા, ચેતનભાઈ શાહની વરણી કરવામાં આવી છે.

નવરાત્રી મહોત્સવ દરમ્યાન આરતીનો સમય રાત્રે ૯ કલાકે રાખવામાં આવ્યો છે. નગર, જિલ્લાના નગરજનો, ભક્તજનોને જગતજનની જગદંબાના આ પર્વ પ્રસંગે હાજર રહેવા નવરાત્રી મહોત્સવ સમિતિ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



તસવીર : કશ્યપ નિમાવત

સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી પ્રથમ નોરતે કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# અમારી ભૂખ કામની છે, નામની નહીં

## જરૂરિયાતમંદ મહિલાઓ, બાળકો માટે સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ મહિલા મંડળની પ્રેરણાપ્રદ સેવાપ્રવૃત્તિ





દુનિયામાં ભલે એમ કહેવાતું હોય કે આ દુનિયાને દુર્જનોની સક્રિયતા કરતાં સજ્જનોની નિષ્ક્રિયતાએ વધારે નુકસાન કર્યું છે, પરંતુ દુનિયામાં એમ પણ કહેવાય છે કે 'સારપ હજુ સાવ મરી પરવારી નથી. અને દુનિયા કેટલાક સારા લોકોના કારણે જ ટકી રહી છે.'

દુનિયાની આ બીજી માન્યતા સાચી લાગે છે. અને એ સાચી હોવા માટેના પુરાવા પણ વારંવાર આપણને મળી રહે છે. હું દ્રઢપણે એવું માનુ છું કે સજ્જનો નિષ્ક્રિય નથી, સજ્જનો જેટલું સક્રિય કોઈ છે નહીં, હા સજ્જનો પોતાની સક્રિયતાના ઢોલ નથી પીટતા અને એટલે એમની સજ્જનતા લોકોને બહુ દેખાતી નથી. બાકી, હકીકત તો એ જ છે કે સમાજમાં સજ્જનો પણ થોકબંધ છે અને એમની પ્રવૃત્તિ પણ અઢળક છે.

એક નમૂનો ગાંધીનગર શહેરમાં છેલ્લાં ત્રણ વર્ષથી કાર્યરત સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટનાં મહિલા મંડળનો છે, જે દરરોજ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને જરૂરિયાતમંદ બાળકો અને મહિલાઓની સહાય કરે છે. બાળકોને નાસ્તો, સગર્ભ મહિલાઓને સુખડી, ચોખ્ખા ઘીનો શીરો, કપડાં, વાસણો, વૉટરબેગ, દફતર, નોટબૂક્સ, પાઠ્યપુસ્તકો, શિયાળામાં ગરમ જેકેટ, જૂનાં કપડાંમાંથી બનાવેલી ગોદડીઓ.....

જરૂરિયાતમંદ લોકો વચ્ચે જવાનું અને એમની જે જરૂરિયાત અનુભવાય એ પ્રમાણેની વસ્તુઓ ઉમેરતાં જવાનું. કોઈ નિશ્ચિત વસ્તુ નહીં, કોઈ નિશ્ચિત એજન્ડા નહીં. હા, આખું સપ્તાહ પ્રવૃત્તિઓ ખરી.

સોમવારે આદિવાડા આંગણવાડી, શનિવારે સૅક્ટર-૨૪, ગુરુવારે બોરીજ તથા સિવિલ હૉસ્પિટલ મંગળવારે પાલજ એમ દરેક દિવસનો કાર્યક્રમ નિશ્ચિત. કોઈપણ આમંત્રણ વિના બહેનો એકત્ર થાય અને સેવા કરે. સેવા માટેનાં ક્ષેત્રો નક્કી. બાળકો અને મહિલાઓને સીધી ઉપયોગી થાય એવી સેવા કરવી.

દરરોજ સેવા કરવી હોય તો નાણાં પણ જોઈએ. એટલે આ જ બહેનો સૅક્ટર-૨૬, ૨૦, ૨૨, ૧૯, ૨૮, સૅક્ટર-૨ અને સરઢવમાં ફરીને સહાય માટેનાં નાણાં ઉઘરાવે. પણ એમાંય નક્કર નિયમ. દર મહિને ઘરદીઠ માત્ર પાંચ રૂપિયા સહાય જ લેવાની. કોઈ ભલો વ્યક્તિ દસ રૂપિયા કે સો રૂપિયા ધરી દે તો એને નમ્રતાથી ના ભણવાની અને એના વધારાના રૂપિયા નહીં જ સ્વીકારવાના એવો નિયમ. દર મહિને ઘરદીઠ માત્ર પાંચ રૂપિયા એટલે પાંચ રૂપિયા જ લેવાના.

આમ કરવા પાછળનો હેતુ માત્ર એટલો કે સહાય કરનારના ખિસ્સા પર ભાર ન પડે અને બીજો હેતુ એ કે વધુમાં વધુ લોકોની ભાગીદારી સમાજસેવા માટે મળી રહે.

ત્રણ વર્ષ પહેલાં ચારેક બહેનોએ આ સેવાપ્રવૃત્તિ શરૂ કરી હતી. ધીરે ધીરે એની સુવાસ અન્ય બહેનો સુધી પહોંચી અને વધુ ને વધુ બહેનો એમાં જોડાતા ગયાં. આજે પચીસેક બહેનો આ સેવાકાર્ય કરી રહ્યાં છે.

એમાં કોઈનો કોઈ હોદ્દો નહીં, સૌએ માત્ર કામ જ કરવાનું. કામ કર્યા બાદ એનો કોઈ ઢંઢેરો પણ નહીં પીટવાનો. પ્રસંગોપાત સેવાકાર્યની વાત બહાર જાય તો એ માટે કોઈનું વ્યક્તિગત નામ પણ નહીં લેવાનું. સંસ્થાની બહેનોએ આ કામ કર્યું એમ જ કહેવાનું. આ માટેનું કારણ એટલું કે ક્યારેય સેવાકાર્ય મેં કર્યું એવો અહમ્ મનમાં ન આવે. હું સમાજનું એક અંગ છું અને મારી આ ફરજ છે એમ સમજીને જ સૌએ સેવાકાર્યો કર્યા કરવાનાં.

વળી, જેને સેવાકાર્ય માટે જે વિચાર આવે તે અમલમાં મૂકવાનીય છૂટ. જેમકે, એક યુવા મહિલા જરૂરિયાતમંદ મહિલાઓના સેવાકાર્ય અર્થે યોગા, ઍરોબિક્સ અને ગરબા શીખવવાની ફી ધરી દે છે. તો વળી અન્ય એક મહિલા જૂનાં કપડાં લઈને ગોદડીઓ બનાવી આપે છે. કોઈ વળી બાળકોને ભણાવે છે તો કોઈ લેસન કરાવે છે. જેને જે કામ સૂઝે એ કરવાનું. કોઈને પૂછવાની કે કોઈની અનુમતિ લેવાની જરૂર નહીં. સેવાનું ક્ષેત્ર વિશાળ છે અને સેવા જેમના ચરણે ધરી શકાય એવાં લોકોય ઘણાં છે. સૌને સૌનો રામ સૂઝાડે એમ કરવું એ મંડળનો નિયમ. અને હા, જે સુખડી આ મહિલાઓ દ્વારા જરૂરિયાતમંદ બાળકો, મહિલાઓને આપવામાં આવે છે એ સુખડી સેવાભાવી મહિલાઓ પોતાના ઘરેથી તૈયાર કરીને લાવે છે.

સેવાકાર્ય કરવા બદલ પોતાનું નામ ન જાહેર થાય એ માટે આ મહિલાઓની તકેદારી એટલી બધી કે આ લેખમાં પણ ક્યાંય કોઈનું નામ ન લખાય એવો નેહાગ્રહ વારંવાર કર્યો અને સેવા કરનાર કોઈપણ મહિલાનો ફોટો પણ જાહેર ન થાય એવી તકેદારી રાખી. ફોટો આપ્યો તોય સેવા લેનારી બહેનોનો, જે અહીં મૂકાયો છે.

ખરેખર, આવો ચીલો ચાતરવા જેવો ખરો!



તસવીર : કશ્યપ નિમાવત

### ચામુંડા માની તીર્થભૂમિ ચોટીલા ખાતે
# મોરારીબાપુની વ્યાસપીઠે 'માનસ ચામુંડા'નો શુભારંભ



ગાંધીનગર, તા. ૧૩
ચામુંડા માતાની જગવિખ્યાત તીર્થભૂમિ ચોટીલા ખાતે, સર્વપ્રથમ વખત, જગપ્રસિધ્ધ સંત-કથાકાર મોરારી બાપુના શ્રીમુખે રામકથા 'માનસ ચામુંડા'નો નવરાત્રી પર્વનાં પ્રથમ નોરતે શુભારંભ થયો છે. રામકથાની પૂર્વ-સંધ્યાએ ચોટીલા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક જન્મસ્થળની મુલાકાત લઈને મોરારી બાપુએ ભાવથી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને 'ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન'નાં સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી અને તેમના માતા કુસુમબેન મેઘાણીએ મોરારી બાપુનું ભાવભર્યું સ્વાગત કરીને એમના આશિષ મેળવ્યા હતા. લ્માનસ ચામુંડા' રામકથાના મુખ્ય યજમાન અને અતુલ ઑટો લિ.ના મોભી જયંતીભાઈ ચાંદ્રા, લોકકલાકાર માયાભાઈ આહીર પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

જન્મસ્થળમાં પ્રસ્થાપિત મેઘાણી-પ્રતિમાને મોરારી બાપુએ પુષ્પાંજલિ તથા શાલ અર્પણ કર્યા હતા. પિનાકીભાઈ અને કુસુમબેનને પણ લાગણીથી પ્રસાદીરૂપે શાલ ભેટ આપીને આશીર્વાદ આપ્યા હતા. સાહિત્ય-લોકસાહિત્યના અભ્યાસુ એવા મોરારીબાપુએ જન્મસ્થળમાં પિનાકી મેઘાણી દ્વારા પરિકલ્પિત ઝવેરચંદ મેઘાણીના જીવન-કવનને આલેખતા પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યું હતું. આશીર્વાદ લેવા ત્યાં ઉપસ્થિત નાના બાળકોને મોરારી બાપુએ પ્રસાદીરૂપે રૂ. ૫૦૦ આપ્યા હતા. પિનાકીભાઈ અને કુસુમબેન મેઘાણીએ મોરારી બાપુને સ્મૃતિરૂપે 'સૌરાષ્ટ્રની રસધાર', સોરઠી સંતો' અને 'ઘાયલ મરતા મરતા રે' મ્યુઝીક સીડી સાદર અર્પણ કરી હતી. જયંતીભાઈ ચાંદ્રાનો પણ લાગણીભર્યો સહયોગ રહ્યો હતો.